# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT PAHEL

રાજ્યને વધુને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે વનવિભાગ દ્વારા સામાજિક વનીકરણ સોશિયલ ફૉરેસ્ટ્રી રૂપે અનેક નવિન પહેલ શરૂ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, ઍગ્રો ફૉરેસ્ટ્રી યોજના હેઠલ ગત બે વર્ષમાં રાજ્યમાં કુલ 45 હજાર 939 હૅક્ટરમાં ખેડૂતલક્ષી વાવેતર કરાયું છે.

પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે સિદ્ધિની વાત કરીએ તો, વન બહારના વિસ્તારમાં એક હજાર 143 ચોરસ કિલોમીટરના વન આવરણ વધારા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પહેલા સ્થાને છે. જ્યારે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 17 કરોડ 48 લાખથી વધુ રોપાઓનું વાવેતર કરાયું છે. ઉપરાંત અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ 23 વિવિધ સાંસ્કૃતિક વનનું પણ નિર્માણ થયું છે. જ્યારે રાજ્યમાં 82 સ્થળ પર નમો વડ વન તૈયાર કરાયા છે. તો સામાજિક વનીકરણ પાંખ દ્વારા ગત બે વર્ષમાં કુલ 300 હૅક્ટર વિસ્તારમાં 207 વન કવચનું નિર્માણ થયું છે.

. . . . . . . . . . .

# MEHSANA HELPLINE

**મહેસાણાની કડી વિધાનસભા બેઠકના દિવ્યાંગ મતદારો માટે હેલ્પલાઈન નંબર 63571–47721 શરૂ કરાયો છે. મહેસાણા જિલ્લા સમાજ**

**સુરક્ષા કચેરી હસ્તકની સરકારી બહેરા-મૂંગા શાળા ખાતે સાઈન ભાષા માટે શરૂ કરાયેલા આ નંબરનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.**

**ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર યોજાનારી પેટા-ચૂંટણી માટે આગામી 19 જૂને મતદાન થશે. ત્યારે દિવ્યાંગ મતદારોને માહિતી પહોંચાડવા અને તેમના પ્રશ્નોના નિવારણ માટે આ નંબર કાર્યરત્ કરાયો છે.**

. . . . . . . . . . .

## PATAN- GRAM PANCHAYAT ELECTION FORM

પાટણ જિલ્લાની 380 ગ્રામ પંચાયત માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સરપંચ પદ માટે નવ અને સભ્ય પદ માટે બે ઉમેદવારીપત્ર ભરાયા છે. મળતી માહિતી મુજબ, જિલ્લામાં સૌથી વધુ સરસ્વતી તાલુકામાં 62 પંચાયતમાં ચૂંટણી યોજાશે. જ્યારે પાટણની 56, ચાણસ્માની 55, સાંતલપુરની 47, સિદ્ધપુરની 40, સમીની 37, હારીજની 35, રાધનપુરની 34 અને શંખેશ્વરની 22 પંચાયતની ચૂંટણી થશે.

બીજી તરફ, સિદ્ધપુર, ચાણસ્મા, હારિજ, શંખેશ્વર અને રાધનપુરમાંથી હજી સુધી સરપંચ પદ માટે ઉમેદવારીપત્ર ભરાયા નથી.

. . . . . . . . . . .

## ARVALLI HEALTH

**અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકાના વિસ્તારમાં કમળાના કેસ દેખાતા તાલુકા આરોગ્ય અને નગરપાલિકાના સેનેટરી વિભાગે તપાસ હાથ ધરી. કબ્રસ્તાન વિસ્તાર, નૂરાની સોસાયટી, થોરીવાસ જેવા વિસ્તારમાં તપાસ કરી પાણીના નમૂના લેવાયા. ઉપરાંત સેનેટરી વિભાગે અખાદ્ય ઠંડાપીણાનો જથ્થો કબજે કરી તેનો નિકાલ કર્યો હતો. આ અંગે મોડાસા નગરપાલિકાના ચીફ ઑફિસર ભદ્રેશ પટેલે વધુ માહિતી આપી.**

**(BYTE- BHADRESH PATEL, CHIEF OFFICER, MODASA NAGAR PALIKA)**

. . . . . . . . . . .

# SOMNATH MAHA AARTI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે આવતીકાલે ગંગાદશેરા નિમિત્તે ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરાશે. દરમિયાન ભગવાન શિવજીની સ્તોત્રના પઠન સાથે વિધિવત્ પૂજા કરી તેમની જટા પર ગંગાજળનો અભિષેક કરાશે. આ ઉપરાંત ભક્તો ત્રિવેણી માતાની મહાઆરતી કરી જળ સ્થાપત્યની સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ પાવન પ્રસંગમાં તમામ ભક્તોને જોડાવવા અપીલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જેઠ શુક્લ દશમ એટલે કે, ગંગા દશેરાના પવિત્ર અવસરે માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન, પુજા અને આરતીનું અનેરું મહત્વ છે.

. . . . . . . . . . .

# MEHSANA BIYARAN

મહેસાણામાં કૃષિ વિભાગે તપાસ અભિયાન હાથ ધર્યું. તે અંતર્ગત ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરતી જિલ્લાની 23 પેઢી અને 75 વિક્રેતાઓને ત્યાં તપાસ કરવામાં આવી. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, મહેસાણા, વિજાપુર અને કડી તાલુકામાંથી શંકાસ્પદ લાગતા 20 લાખથી વધુ રૂપિયાની કિંમતના બિયારણ અને એક લાખ 80 હજાર રૂપિયાના ખાતરના વેચાણ પર પ્રતિબંધ મુકાયો. તેમજ ચાર વિક્રેતાને નૉટિસ પણ અપાઈ છે.

. . . . . . . . . . .

# STATE WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. બીજી તરફ, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમરેલી જિલ્લામાં નોંધાયું છે. જ્યારે કંડલા હવાઈમથક, ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 39 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું. આ સિવાયના જિલ્લા અને શહેરોમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી અને તેનાથી ઓછું હોવાના અહેવાલ છે.

---------------------